DATE :- 30-03-2026
GUJARAT SAMACHAR, PAGE-16, SURAT



સુરતવાસીઓ મેટ્રો ટ્રેન ક્યારે દોડશે ? તે પ્રશ્ન પૂછી રહ્યા તે હવે આતુરતાનો અંત હવે નજીકના સમયમાં આવશે. રવિવારે ખજોદ ડ્રીમ સિટીથી અલથાણ સુધી મેટ્રો ટ્રેન દોડાવવાની ટ્રાઈલ લેવામાં આવી હતી.

### સુરત મ્યુનિ.ની ચૂંટણી પહેલા મેટ્રો ટ્રેનનું ટ્રાયલ રન

# મેટ્રો દોડ માટે તૈયાર, ડ્રીમ સિટી-અલથાણ વચ્ચે ૮.૫ કિલોમીટરનો વાયડકટ પૂર્ણ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહેલા સુરત શહેરમાં આગામી નજીકના દિવસોમાં મેટ્રો ટ્રેનની ઝડપ જોવા મળે તેવી શક્યતા છે. સુરત મેટ્રોમાં ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિ.મી.ના વાયડક્ટનું કામ પૂર્ણ થઈ ગયું છે. જેથી આ લંબાઈમાં ટ્રેનનું ટ્રાયલ શરૂ કરાયું છે. આજે ટ્રાયલ રન માં ૫ થી ૧૦ ની સ્પીડે ટ્રેન દોડી હતી પણ ટ્રેન શરુ થશે ત્યારે ૩૦ થી ૪૦ની સ્પીડ રહેશે તેવું મેટ્રોએ જણાવ્યું હતું. ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિલોમીટર લાંબા વાયડક્ટનું કામ પૂર્ણ થતાં સુરત મેટ્રો પ્રોજેક્ટ મહત્વપૂર્ણ નિર્ણય પર પહોંચી ગયો છે. આજે

**૭ મેટ્રો સ્ટેશનોના સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થતા પ્રોજેક્ટને વેગ મળશે**

રવિવારે આ ૮.૫ કિલોમીટર લાંબા વાયડક્ટ રુટ પર ટ્રાયલ રન પુરો થતા સુરતમાં ઝડપી મેટ્રો દોડતી જોવા મળે તેવું સ્પષ્ટ થઈ ગયું છે. જેના કારણે સુરતીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતમાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના કારણે ટ્રાફિક સમસ્યા ઉપરાંત મેટ્રોની કામગીરી ચાલતી હતી ત્યાં લોકોના રોજગારીના પ્રશ્નો પણ ઉભા થયા હતા., આ વિવાદ વચ્ચે ટ્રેક બિછાવવાનું કામ તેમજ ટ્રેક્શન પાવર માટે થર્ડ રેલની સ્થાપના પૂર્ણ થઈ ગઈ છે. આ સાથે કુલ સાત મેટ્રો સ્ટેશન બિલ્ડિંગ સ્ટ્રક્ચરનું કામ પણ પૂર્ણ થયું છે, જ્યારે એન્ટ્રી-એક્ઝિટ અને ફિનિશિંગ કામમાં ઝડપી ગતિએ કામગીરી ચાલી રહી છે. મેટ્રો ટ્રેનનું ટ્રાયલ આશરે ૫૦૦

(અનુસંધાન ૨ જે પાને)

## ટ્રેનનું ટ્રાયલ ૫૦૦ કલાક સુધી હાથ ધરાશે : ટ્રાયલ રનમાં ૫ થી ૧૦ની સ્પીડે ટ્રેન દોડશે પણ શરુ થશે ત્યારે ૩૦ થી ૪૦ની સ્પીડ રહેશે

### મેટ્રો દોડ માટે તૈયાર, ડ્રીમ

(છેલ્લા પાનાથી ચાલુ)

કલાક સુધી હાથ ધરાશે, જેમાં તમામ ટેકનિકલ અને સલામતી સંબંધિત પાસાઓની ચકાસણી કરવામાં આવશે.

મેટ્રોના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ટ્રાયલ રન બે મહિના કે તેથી વધુ સમય સુધી ચાલશે અને તે દરમિયાન ટ્રેનની સ્પીડ ૫ થી ૧૦ કિલોમીટર રહેશે. જ્યારે ટ્રેન શરુ થશે ત્યારે ૩૦ થી ૪૦ પ્રતિ કલાક કિલોમીટરની ઝડપે દોડશે. જોકે, ટ્રેનની મહત્તમ સ્પીડ પ્રતિ કલાક ૮૦ કિલોમીટર છે પરંતુ ૩૦ થી ૪૦ની સ્પીડે જ ટ્રેન દોડશે.

જોકે, મ્યુનિ.ની ચૂંટણી પહેલા મેટ્રો ટ્રાયલ રન થતાં સુરતના લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.